# रतनगुरुरास

सं. डो. रसीला कडिया

**प्रतपरिचय :**

प्रत संख्या =२
माप =११.५ से.मि. x २५.७ से.मि
दरेक प्रतमां पंक्तिओनी संख्या =१५
अक्षर संख्या =३९
स्थिति =मध्यम

प्रारंभे 'भले मींडु' करेल छे. चरणांते आंकणी लखी संख्या लखी छे त्यां : (विसर्गचिह्न) करेल छे अने लाल शाहीथी दंड करवा माटेनी जग्या छोडी छे. बन्ने बाजु हांसिया माटे ऊभी त्रण लीटीओ लाल शाहीथी करेली छे. आंकणी तथा कडीनी संख्या लखी छे त्यां गेरु लगाडेलो छे.

प्रतने अंते रचयितानुं नाम लखेल नथी पण पुष्पिका आपी छे जेमां लिपिकार तरीके मुनिश्री हेतकुशलगणिनुं नाम मळे छे अने प्रत हेमविजयजीना वांचनार्थे लखवामां आवी होवानुं जणावेल छे. प्रत धोराजीमां लखवामां आवी छे. संवत पण जणाववामां आवी नथी पण अंदाजे आ प्रतनो समय विक्रमनो १९मो सैको छे.

अहीं छेक छेल्ले गुजराती लिपिमां "आ पर[त]नाः परातरकः मा हरचंदजी छे" लखेल छे अने एनी नीचेनुं लखाण भूंसी नाखवामां आव्युं छे.

भाषानी केटलीक लाक्षणिकताओ नोंधवा जेवी छे :

गुरुने स्थाने गरु, मुज अने तुजमां ज ने स्थाने झ नो प्रयोग, अनुस्वारनो नहिवत् प्रयोग जेमके – हु, सुदर, सुदरि, विनवु, साभलता, तु, मे- अने जगत माटे वपरायेलो जगत्र शब्द ध्यान खेंचे छे.

**कथावस्तु :** प्रस्तुत रासमां दीक्षा लेवानो निरधार करनार रतनसी आणुं लईने पत्नी श्रीबाईने तेडवा जाय छे त्यारे पोतानो निर्णय जणावे छे अने बन्ने वच्चे त्यारे जे संवाद थाय छे ते खूब सरस रीते निरूप्यो छे. श्रीबाईनी पण तर्कप्रवीणता रतनसी जेवी ज छे पण अंते नेमराजुलनी पेठे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीबाई पण दीक्षा ले छे. अने बन्ने शुद्ध निर्मल संयमजीवन आदरे छे. साहा रतनसी नवानगरमां अर्थात् आजना जामनगरमां आव्यानी आ रासमां नोंध छे. 'साहा' शब्द रतनगुरु (स्थानकवासी) लोंकागच्छना होवानुं दर्शावे छे. अति सुंदर संवादोने कारणे कृति रसप्रद बनी छे.

## रतनगुरुनो रास

अथ श्री रतनगरुनो रास लख्यो छे :

रतनगरु गुण मीठडा रे, मीठडा मुखना बोल.
साभलता रंग वासना रे, आपे जेम तंबोल. रतनगरुगुणमी० ॥१॥

**श्रीसोहागदे**नो नंदजी रे, सरमाली कुल चंद.
**नागर रखी**जीअे बुझवो रे, रतनसि गुणवंत ॥२॥
रतनगरुगुण मी० आंकणीः

सोलमे वरसे रतनसी रे, कीधलो व्रत आचार.
देवकना सरखी तजि रे, **श्रीबाई** सुकमाल. ॥३॥ रतनगः

श्रीबाई नार बोलाववा रे, सासरे आवा साम.
सासरवासो लई करी रे, साथे म(मं)त्री अभीराम ॥४॥ रतनगः

वनो करीने सासु वदे रे, तमे केम पधारा आज.
रतन कहे तव रंगसु रे, तम तनीआसु काज. ॥५॥ रतनगः

तेडो तमारी बालका रे, श्रीबाई सुकमाल
सासरवासो करु अमे रे, संजम लेसु सुविचार ॥६॥ रतनः

पंच सहिरुमां खेलति रे, श्रीबाई परमोद.
माता बोलावे मंदरे रे, सुणवा वात वनोद ॥७॥ रतनः

रतन कहे सुणो सुदरी रे, अमे आदरसु चारित्र.
मानी बेन में तुझने रे, ले सासरवासो पवित्र ॥८॥ रतनः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कहे श्रीबाई कंथने, नठर वचन न बा(बो)ल.
भोला मन चंत परिहरो रे, चालो मारग वेवार ॥९॥ रतनः

वण अवगण नीज कामनी रे, एम केम तजो नर [जा?]ण ।
उत्तमकु[ळ]नी हु उपनी रे, मुज साख पडे संसार ॥१०॥ रतनः

हु दनदन सुख माणति रे, मुझ रतनसि भरतार.
मोटे मने हु माणति रे, तुझ उपर निरधार; ॥११॥ रतन.

कुलवती सुणो सुदरि रे, आ संसार असार,
चोरासी लखमां हु फर्यो रे, जिव अनंति वार; ॥१२॥ रतन.

सगपण सरवे आपणा लहे रे, न रहि मणा लगार
धर्म वोणो आतमो रे, वसिइ नरग मझार. ॥१३॥ रत०

दस दृष्टांते पामीइं रे, मानविनो अवतार.
धर्म सामग्री सरवे लही रे, हवे कोण फरे संसार ? ॥१४॥ रत०

सानध कीधी सुदरी रे, मुझ परणेवा पचखाण.
बेन सरखी तु हवे रे, साभल चतुर सुजाण, ॥१५॥ रत०

सासरवासो तु पेरती रे, मुझ बंधव कही बोलाव.
दे आसीस सोहामणी रे, कुंकुम चोखे वधाव ॥१६॥ रतन०

तम अम सगपण जोडीउ रे, ती जाणे जगत्र विख्यात
इम केम कामनी छांडसो रे, तुम सामी हो मारा नाथ. ॥१७॥ रत०

गुणवंता सुणो नाथजी रे, केम रेसु निरधार,
जो वेराग हतो आवडो रे, तो परथम न कीधो वीचार ॥१८॥ रत०

हवे मन थर करो नाथजी रे, पोचो तमे आ वार
लगन दवस वचारीने रे, आवजो धरी उलास. ॥१९॥ रत०
तमेअमे तो आस्या घणी रे, सफल करो गुणवंत,
इम कीम दीक्षा लीजीइ रे, कुंवारां सुणो कंथ, ॥२०॥ रत०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जोवनमे दीक्षा दोहेली रे, दोहीलो साधु आचार,
लघु वेसे कोण आदरे रे, दुकर संजम भार ॥२१॥ रत०

सुण सुदर सुंदरि तुझ मेरे जेम श्री जंबुकुमार.
तेम हुं संजम आदरुं रे, अनुमत द्यो श्रीकुमार(श्रीकार) ॥२२॥ रत०

श्रीबाई जंबु कहेइ रे, परणा आठे नार.
तार पछी संजम आ[द]र्या रे, तेम तमे करो रतनकुमार ॥२३॥ रत०

अमारे तो परणवुं नहीं रे, आदरु साधु आचार,
ते तो तमे जाणजो रे, कहे श्रीबाई नार, ॥२४॥ रत०

वेवसाल न मेलीइं रे, नहीं कसो जंजाल,
पालव लागी पीआ तम तणे रे, ते तो जाणे बालगोपाल ॥२५॥रत०

पालव लागीने परहरी रे, नेमे राजुल ना[र]
तेम हुं संजम आदरु रे, कहो तुज कंत विचार ॥२६॥ रत०

हाथ जोडीने विनवु रे तमे जोवो ते मोरा साम,
जाणु रे रचना एही रे तो मुझ दाखो ठाम ॥२७॥ रत०

मुझ जनके सुदरी रेजो सुखसमाद
श्रीबाई कहे तम वीना रे, तो कोण देखे घरबार ? ॥२८॥ रत०

तो तमे पीहर थोभजो रे, आपु द्रव्य अपार,
दान पुन लखमी तणो रे, लाहो लेजो संसार ॥२९॥रत०

पीहर मीठु तीहां लगे रे, जीहां जुअे आणानी वाट
दोष चडावे लोकडा रे, पडे मननी भरांत ॥३०॥ रत०

कुवारा कुवारा कुवांरीका रे सो घर सो भरतार
आदरजो मन मानतो रे जे जाणे हेतकार ॥३१॥ रत०
तमे आये भवसाहेर तरे रे मुझ राखे छे संसार.
पियु तोरे प्रेम न जाणीओ रे स्वारथिउ भरतार. ॥३२॥ रत०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुदरि कहे सुणो वालहा रे, भव भव तुमसु नेह
हु तुझने छांडु नही रे, अवर नव टाळु देह ॥३३॥ रत०

मानसरोवर हंसली रे, ते तो नगर षा(खा)ले कोण नाह ?
द्राख अखोड मेवा तजी रे, लीबोली कोण खाय ? ॥३४॥ रत०

जो रे रेसो संसारमां रे, तो हुं तमारी नार
जो पण संजम आदरो रे, तो मुझ साधवि आचार. ॥३५॥रत०

नेमनी रीत तमे करी रे, अमे करु राजुलने रित.
परमेसरनी साखे करी रे, भव भव तुम सु प्रीत. ॥३६॥ रत०

अमृतवचन श्रीबाईना रे, साभली रतनकुमार.
दंपती दीक्षा आदरे रे, जाणे जगत विख्यात ॥३७॥ रत०

सासरे जईने प्रीया प्रीछवी रे, श्रीबाई वर नार,
पीउनो साथ न मेलीउ रे, जीम राजूल राजकुमार ॥३८॥ रत०

श्रीरतनगुरु ते सार, श्रीबाई राजुल सारखी रे,
आदरे संजम भार ॥३९॥[१] रत०

श्रीमाली पट सुदरे जीनशासन अणगार
संजम सीअल ते आदर्यो नीरमल सुध आचार. ॥४०॥ रत०

साहा रत[न]सी आवीया रे, **नवानगर** मोझार
साधु सहु सेवा करे, सफल करे अवतार ॥४१॥ रत०

तेणे समे पंच भतेसरू रे, आव्या सनजीकुमारु
चरणकमल मुनिस्वर तणा रे भेडी[टी] प्रेम अपार ॥४२॥ रत०

श्री रतनगुरुआ देसना रे, जेम पामे भवपार
सांभलता सुख उपजे रे, दोस टले अपार ॥४३॥ रत०

इतिश्री रतनगरुनो राश संपूर्ण :

---

१. एक चरण ओछुं छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लखीतं मुनीस्वर हेतकुशलगणी वांचनार्थ
हेमवी[ज]यजी चरजीवी धोराजी मधे.

आः परतनाः परातरक मा हरचंदजी छे.

## अघरा शब्दो

| | |
|---|---|
| रखी = ऋषि | आस्या = आशा |
| देवकना = देवकन्या | लघु वेसे = नानी उंमरे |
| वनो = विनय | भतेसरू = ? |
| सुकमाल = सुकुमार | भरांत = भ्रांति |
| चंत = चिंता | सवारथियुं = स्वार्थी |
| नठर = निष्ठुर | खाले = खाळे |
| सहिरु = सखीओ | अखोड = अखरोट |
| वोणो = विहोणो | परातरक = ? |
| सानध = सान्निध्य | |

जैन बोर्डिंग,
टी.वी. टावर सामे,
थलतेज रोड, अमदावाद-३८००५४
(गुजरात)

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org